# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/203 Dt. 06/11/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળે નવી દિલ્હી ખાતે ટેક્ષ્ટાઇલ સેક્રેટરીને પ્રિ–બજેટ મેમોરેન્ડમ આપી જીએસટી, કસ્ટમ અને ડાયરેકટ ટેક્ષ અંગેના સૂચનો કર્યા

### ચેમ્બરના પ્રતિનિધિ મંડળે MSME મંત્રાલયના સેક્રેટરીને MSME એકટના સેકશન ૧૫માં માઇક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઇઝની વ્યાખ્યામાં ટ્રેડર્સ અને રિટેલર્સનો સમાવેશ કરવા રજૂઆત કરી

### ચેમ્બરના પ્રતિનિધિ મંડળે એમએસએમઇ સેક્રેટરીને સુરતના ઉદ્યોગ સાહસિકોને Mutual Credit Guarantee Scheme for MSMEs (MCGS-MSME) અંગે માર્ગદર્શન આપવા સુરત પધારવા માટે આમંત્રણ આપ્યું, જે અંગે સેક્રેટરીએ સકારાત્મક અભિગમ દાખવ્યો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને સીએ રાજીવ કપાસિયાવાલાએ સોમવાર, તા. ૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે ટેક્ષ્ટાઇલ સેક્રેટરી નિલમ શામી રાવ (IAS)ને મળીને પ્રિ–બજેટ મેમોરેન્ડમ આપી ટેક્ષ્ટાઇલ ક્ષેત્રે જીએસટી, કસ્ટમ અને ડાયરેકટ ટેક્ષ અંગેના સૂચનો કર્યા હતા.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા નવી દિલ્હી ખાતે ભારત સરકારના એમએસએમઇ મંત્રાલયના સેક્રેટરી શ્રી એસ.સી.એલ. દાસ (IAS)ને રૂબરૂ મળીને એમએસએમઇ સંદર્ભે રજૂઆત કરી હતી. ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, હાલના એમએસએમઇ એકટના સેકશન ૧૫માં માઇક્રો એન્ડ સ્મોલ એન્ટરપ્રાઇઝની

વ્યાખ્યામાં ટ્રેડર્સ અને રિટેલર્સનો પણ સમાવેશ કરવામાં આવે, જેથી કરીને ઇન્કમ ટેક્ષની કલમ સેકશન ૪૩(b)(h)ના પ્રાવધાનનો લાભ ટ્રેડર્સને પણ મળી શકે. ઇન્કમ ટેક્ષની કલમ સેકશન ૪૩(b)(h)નું પ્રાવધાન જે હેતુથી કરવામાં આવ્યું હતું તે હેતુ ફળીભૂત થતો ન હોવાથી ચેમ્બર દ્વારા આ રજૂઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ચેમ્બરના પ્રતિનિધિ મંડળે એમએસએમઇ મંત્રાલયના સેક્રેટરી શ્રી એસ.સી.એલ. દાસ (IAS)ને સુરત ખાતે ચેમ્બરની મુલાકાત લેવા તેમજ સુરતના ઉદ્યોગ સાહસિકોને Mutual Credit Guarantee Scheme for MSMEs (MCGS-MSME) અંગે માર્ગદર્શન આપવા આમંત્રણ આપ્યું હતું, જે અંગે તેઓએ સકારાત્મક અભિગમ દાખવ્યો હતો.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે નવી દિલ્હી ખાતે ભારત સરકારના આયુષ મંત્રાલયના સેક્રેટરી શ્રી વૈદ્ય રાજેશ કોટેચા (IAS) સાથે પણ મુલાકાત કરી ચેમ્બર દ્વારા આગામી તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પ્લેટીનમ હોલ, સરસાણા, સુરત ખાતે આયોજિત 'પ્રકૃતિ આયુષ કોન્કલેવ ૨૦૨૫' માટે સરકારનો સહયોગ મળી રહે તે માટે તેમને વિનંતી કરી હતી.